DATE: 06/09/2022 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–11

# ઝઘડિયા GIDCમાં પાર્ક ગાડીમાંથી 11.36 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**દારૂ અને કાર મળી 21.36 લાખનો મુદ્દામાલ કબજે, ત્રણ સામે ગુનો નોંધાયો**



ભરૂચ: ઝઘડિયા જીઆઈડીસીમાં પાર્ક કરેલી બંધ બોડીની ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ભરૂચ જિલ્લાની એલસીબી ટીમે ઝડપી પાડ્યો હતો. રેખાબેન સતિષભાઈ વસાવા (રહે.નવાગામ કરારવેલ)એ આ ગાડીમાં દારૂનો જથ્થો ભરી રાખ્યો હતો. પોલીસે બાતમીના આધારે ગાડીમાં તપાસ કરતા નાની-મોટી ૮૫૩૨ નંગ બોટલમાં રૂપિયા ૧૧,૩૯,૪૦૦ની કિંમતનો દારૂ મળ્યો હતો. પોલીસે રૂ. ૨૧,૩૯,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે રેખા, ગાડીનો ચાલક અને દારૂ સપ્લાય કરનાર મળી કુલ ત્રણ શખ્સો સામે ઝઘડિયા પોલીસે ગુનો નોંધ્યો છે.

**DATE: 06/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# નાના સાંજા ગામે મોપેડમાંથી દારૂ ઝડપાયો, ખેપિયો ફરાર

ઝઘડિયાઃ ઝઘડિયાના નાના સાંજા ગામ નજીકથી પોલીસે એક મોપેડ પર લઇ જતાં ગેરકાયદે વિદેશી દારૂની ૧૮ બોટલો ઝડપી પાડી હતી.

આ બનાવમાં નાના સાંજાનો બુટલેગર અલ્પેશ વિનોદ વસાવા પોલીસને જોઇ મોપેડ મૂકી ભાગી છૂટ્યો હતો. પોલીસે મોપેડ ગાડીની ડીકીમાંથી વિદેશી દારૂ કિં.રૂ.૧૮૦૦ તેમજ મોપેડ ગાડી કિંમત રૂ.૫૦,૦૦૦ મળી કુલ રૂ.૫૧૮૦૦નો મુદામાલ કબજે વોન્ટેડ અલ્પેશ વસાવા વિરુદ્ધ ગુનો નોંધીને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 06/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### શ્રીજી વિસર્જન યાત્રા અંગે તડામાર તૈયારીઓ

# ભરૂચમાં શ્રીજી મૂર્તિના વિસર્જન માટે કૃત્રિમ તળાવ તૈયાર કરાયા

## વહીવટી, પોલીસ અને પાલિકા તંત્ર સજ્જ બન્યુ

। ભરૂચ ।

શ્રીજી મહોત્સવ તેના અંતિમ ચરણમાં છે. ત્યારે હાલમાં ભરૂચ પંથકમાં શ્રીજી વિસર્જન યાત્રા અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હાલમાં ભરૂચ જિલ્લાના વહીવટી તંત્ર, પોલીસ તંત્ર તેમજ વિવિધ નગરપાલિકા દ્વારા શ્રીજી વિસર્જન યાત્રાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

૧૦ દિવસના શ્રીજીની વિસર્જન યાત્રામાં ખુબ મોટી સંખ્યામાં ભક્તજનો જોડાતા હોય તેમજ ઓછામાં ઓછા ૧૦૦૦ કરતા વધુ શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન થતુ હોય અત્યારથી જ વહીવટી તંત્ર, પોલીસ તંત્ર તેમજ વિવિધ નગર પાલિકા દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તો આમોદ અને જંબુસર ખાતે શ્રીજી વિસર્જન યાત્રા અનંતચૌદસ પહેલા યોજવામા આવે છે ત્યાર બાદ ભરૂચ પંથકમા શ્રીજી વિસર્જનનું આયોજન કરવામાં આવે છે. ભરૂચ નગરપાલિકાના પ્રમુખ અમિત ચાવડાના જણાવ્યા અનુસાર ભરૂચ પાલિકા દ્વારા તા.૯-૯-૨૨ ના રોજ શ્રીજી વિસર્જન માટે ભરૂચ પાલિકા તરફથી ત્રણ કૃત્રિમ તળાવો કરવામાં આવેલ છે જેમાં નર્મદા બંગ્લોઝની બાજુમાં, મકતમપુર-બોરભાઠા બેટ, ઝાડેશ્વર રોડ પર તેમજ ગાયત્રી મંદિરની બાજુમાં ઝાડેશ્વર અને જે.બી.મોદી પાર્ક ખાતે કૃત્રિમ તળાવ ઉભા કરવામાં આવ્યા છે જયાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે જે અંગે પાલિકાના વિવિધ સ્ટાફને પણ જવાબદારી સોંપાઈ છે. જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્તની રૂપરેખા તૈયાર કરાઈ છે.

**DATE: 06/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

# અંકલેશ્વરના પોલીસ વિભાગ તરફથી સાયકલિસ્ટ નિલેશ ચૌહાણનું સન્માન



**અંકલેશ્વર** | અંકલેશ્વરના સાયકલીસ્ટ નિલેશ ચૌહાણનું સન્માન કરવામાં આવ્યું છે. તેમના હેલ્થ ફિટનેસ અને સાયકલિંગ પ્રવૃત્તિ થકી ભરૂચ જિલ્લાની જનતા ને સાયકલિંગના વિવિધ કાર્યક્રમો યોજી જનતામાં સ્વાસ્થ્ય માટે જાગૃતિ લાવવાના પ્રયાસોને બિરદાવવામાં આવ્યાં છે. ભરૂચ જિલ્લા માંથી 200 કિલોમીટર BRM સફળતા પૂર્વક પૂર્ણ કરનાર તેઓ પ્રથમ સાયકલીસ્ટ છે. તેમની સાયકલીંગની પ્રવૃતિને બિરદાવી એએસપી વિકાસ સુંડાના હસ્તે તેમને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

**DATE: 07/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરની ભાગ્યોદય સોસાયટી પાસે ફાયરિંગ હત્યાની ઘટનામાં વધુ બે આરોપી ઝડપાયા

**મોપેડ** ઉપર જતા સદાકત વાડીવાલાની હત્યા થઈ હતી

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરના સ્ટેશન વિસ્તાર નજીક આવેલ ભાગ્યોદય સોસાયટી નજીક ગત તા.૩/૮/૨૦૨૨ના રોજ સદાકત એહમદ ઉર્ફે મુસા અહેમદ વાડીવાલા સવારમાં દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી નીકળી રાત્રિના ૧૧:૩૦ કલાક દરમિયાન તેમની જ્યુપીટર ટૂ વ્હીલ પર પરત આવતા હતા. ત્યારે ભાગ્યોદય સોસાયટી પાસે કોઈ અજાણ્યા ઈસમોએ ફાયરિંગ કરી તેમને ઈજા પહોંચાડતાં તેમને સારવાર અર્થે નજીકની સરદાર પટેલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જે બાદ તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ઘટનાની ગંભીરતાને સમજી ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગની વિવિધ ટીમો તપાસમાં જોતરાઈ હતી. જેના ગણતરીના દિવસોમાં પોલીસે મહમદ અઝહર ઉર્ફે ભગવાન રિયાઝ શેખ (રહે.,કમલ પાર્ક સોસાયટી, અંકલેશ્વર)ની ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ પોલીસે અઝહરની પૂછપરછ કરતાં ઘટનામાં સામેલ અન્ય સાગરિતો મામલે અઝહરે પોલીસને કંઈપણ જણાવ્યું ન હતું. ત્યારબાદ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મામલે SITની રચના કરવામા આવી હતી. જે ટીમ દ્વારા હ્યુમન ઈન્ટેલિજન્સ, ટેક્નિકલ સર્વેલન્સ તથા સીસીટીવી સર્વેલન્સના આધારે તપાસ કરાઈ હતી.

જેમ બર્ગ મેન ગાડી ઉપર અગાઉ ફાયરિંગમાં પકડાયેલા અઝહરની મુખ્ય ભૂમિકા જણાઈ હતી અને તેની સાથે ગાડી ઉપર મોહંમદ હુસેન મોહમ્મદ યુસુફ ઈબ્રાહીમ જમરૂ શેખ ગાડી ચલાવનાર તથા બીજો આરોપી મોહંમદ જૂનેદ મોહંમદ જાવીદ શેખ પ્લાનિંગ મુજબ અઝહરના કહેવાથી અઝહરની i-10 ગાડી તેમજ તેનો ફોન હાંસોટ બાજુ લઈ ગયા હતા. જેથી બંને આરોપીની આખરે ભરૂચ ક્રાઈમ બ્રાંચ અને અંકલેશ્વર શહેર પોલીસે ધરપકડ કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે પોલીસ વિભાગ દ્વારા હાલ અઝહર અંકલેશ્વર સબજેલમાં હોય તેને સબજેલમાંથી પરત પોલીસ કસ્ટડીમાં મેળવવાની તજવીજ સાથે i-10 કાર સહિત મોબાઈલ તેમજ અગાઉ કબજે કરેલી બર્ગમેન ગાડીનો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ધોબીવાડ ફાટાતળાવ વિસ્તારનો બનાવ

# ભાડાના મકાનમાં જુગાર રમતાં 11 જણાં ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ધોબીવાડ ફાટાતળાવ વિસ્તારમાં મકાન ભાડેથી રાખી બહારથી લોકોને બોલાવી જુગાર રમાડાતો હતો. દરમિયાનમાં એલસીબીની ટીમે દરોડો પાડી 11 જણાને ઝડપી પાડી કુલ 1.03 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ શહેરના ધોબીવાડ ફાટાતળાવ વિસ્તારમાં ભાડેના મકાનમાં રહેતો ઝાકીરઅલી શુકુરઅલી શેખ ભાડાના મકાનમાં બહારથી લોકોને બોલાવી જુગાર રમાડતો હોવાની ચોક્કસ બાતમી એલસીબીની ટીમને મળી હતી. જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડતાં જુગાર રમતાં ઝાકીરઅલી શુકુરઅલી શેખ, સલીમ ઉર્ફે નાન હનિફ મલેક, નુરમહંમદ અબ્દુલ હક્ક ઉર્ફે બાપુ શેખ, શાહરૂખ ગુલામરસુલ મિરાસી, રાહૂલ ચંદ્રશેખર વસાવા, રિયાઝ ગોરૂ સૈયદ, સલીમ ગુલામ મલેક, મહંમદ કેફ અબ્દુલ કાદર શેખ, ઝમીલ શબ્બીર શેખ, સુનિલ ઉક્કડ વસાવા તેમજ સલીમ હૂસેન કુરેશીને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની અંગઝડતીમાંથી 57 હજાર અને દાવ પર લાગેલાં 8 હજાર રોકડા રૂપિયા તેમજ 8 મોબાઈલ મળી કુલ 1.03 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 08/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ગુજરાત અને મહારાષ્ટ્રમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરી હોવાનું ખુલ્યું

# બેંકમાં આવતા લોકોને નકલી નોટોનું બંડલ બતાવી ઠગતી ગઠ્ઠી ગેંગ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ LCB, અંકલેશ્વર શહેર પોલીસની બનાવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ અંકલેશ્વરની કાલુપુર બેંક બહારથી છેલ્લા 12 વર્ષથી લોકોને રૂમાલમાં નોટોના બંડલ બતાવી છેતરતી યુપી ની ગઠ્ઠી ગેંગના 4 સાગરીતોને ઝડપી લીધા છે. બેંક બહાર કે અંદર રૂમાલમાં નોટોના બંડલ હોવાનું જણાવી આ નાણાં વતન મોકલવાના છે પણ ચોરી કે ગેરકાયદેસર હોય તેમ કહી કમિશનની લાલચ ઉત્તર પ્રદેશની ગઠ્ઠી ગેંગ આપતી હતી. જેના બદલામાં માં વતન મોકલવા બેંકમાં રહેલા ગ્રાહક પાસેથી 5000 થી 25 હજાર લઈ લેતા હતા. જોકે ગ્રાહક રૂમાલ ખોલીને નોટોની ગઠ્ઠી જોતા માત્ર પહેલી નોટ જ અસલી જ્યારે નીચે તમામ કાગળ મળતા હતા. આ ગેંગે પાછલા 12 વર્ષમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં 14 સ્થળે બેંક બહાર તેનો કીમિયો અજમાવ્યો હતો. કુલ 34 લોકોને નોટની ગઠ્ઠીમાં ભોળવી રૂપિયા અઢી લાખ જેટલી પડાવી લીધા હતા. ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ દ્વારા ડીવાયએસપી ચિરાગ દેસાઈ ને સૂચના આપી લોકલ ક્રાઈમ બ્રાન્ચ, અંકલેશ્વર શહેર પોલીસ સહિતની ખૂન, હત્યાનો પ્રયાસ, આર્મ્સ એક્ટ સહિતના ગુનામાં સીટની રચના કરાઈ હતી. આ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પી.એસ.આઈ. વાય.જી. ગઢવીને બાતમી મળી હતી કે અંકલેશ્વર



અંકલેશ્વરમાંથી ઝડપાયેલી ગઠ્ઠી ગેંગના સાગરીતો.

કાલુપુર બેંક બહાર અલ્ટો કાર લઈ ટોળકી ઉભી છે. એલ.સી. બી. પી.આઈ. ઉત્સવ બારોટ, શહેર પીઆઈ. આર.એચ.વાળા, પોસઈ એ.એસ.ચૌહાણે સહિત ટીમ તુરંત બેંક પાસે પહોંચી ગઠ્ઠી ગેંગના 4 સાતીર અપરાધીઓને દબોચી લીધા છે. ગઠ્ઠી ગેંગના મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ વાપી, સુરત, બાંદ્રા રહેતા આરોપી નિતેશકુમાર રાધેશ્યામ સોનેકર, રકીબ અહમદખાન ગુર્જર, જેરામ સીંગ સુંદર સીંગ પરિહાર તેમજ વીપીન કુમાર લાલ પ્રતાપ મિશ્રાની ધરપકડ કરી તેમના રિમાન્ડની તજવીજ હાથ ધરાઈ છે. પોલીસે તેમની પાસેથી ચલણી નોટો મળી રોકડા રૂ.12,400કુલ 2,23,400 નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 08/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## ભરૂચના લોઢવાણના ટેકરામાં પોલીસની રેડ

# જમીનમાં પ્લાસ્ટિકના બેરલ દાટી સંતાડેલો દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દાંડિયાબજાર લોઢવાણના ટેકરા વિસ્તારમાં રહેતી એક મહિલા બુટલેગરના ત્યાં એ ડિવિઝન પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસે તપાસ કરતાં મહિલા બુટલેગરે ઘરના વાડામાં ખાડો ખોદી તેમાં પ્લાસ્ટિકનું બેરલ દાટી તેમાં દારૂની બોટલો સંતાડેલી હોવાનું માલુમ પડ્યું હતું.

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના દાંડિયાબજાર લોઢવાણના ટેકરા વિસ્તારમાં રહેતી રક્ષા નરેશ કહારે વિદેશીદારૂનો જથ્થો મંગાવી તે વેચાણ કરવાના ઇરાદે મીના શંકર કહારના વાડામાં ઝાડી-ઝાંખરામાં મિણીયા થેલામાં સંતાડેલો છે.



જેના પગલે ટીમે મીના ખત્રીના ઘરે દરોડ પાડી તપાસ કરતાં બે થેલાઓમાં થોડી દારૂની બોટલો મળી આવી હતી. દરમિયાનમાં તેમણે તે થેલા હટાવતાં ત્યાં મુકેલી એક લાદી શંકાસ્પદ જણાતાં તેમણે તે હટાવતાં જમીનમાં એક પ્લાસ્ટિકનું બેરલ સંતાડેલું હોવાનું તેમજ તેમાં વિદેશીદારૂની બોટલો સંતાડેલી હોવાનું જણાયું હતું. પોલીસે કુલ 30 હજારની મત્તાની 205 નાની-મોટી બોટલો જપ્ત કરી મહિલા બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 09/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વિસર્જનમાં SRPની 2 કંપની, ડ્રોન, બોડી વૉર્ન કેમેરા, 30 સ્થળોએ વીડિયોગ્રાફી સાથે સજ્જ રહેશે

# ભરૂચ જિલ્લામાં શ્રીજીની શોભાયાત્રાના બંદોબસ્તમાં 3 હજાર જવાનો ખડેપગે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

દશ દિવસના આતિથ્ય બાદ શુક્રવારે શ્રીજી ભક્તો શ્રદ્ધાભેર ગણેશ પ્રતિમાનું વિસર્જન કરશે. ઢોલ નગારા અને ડીજેના તાલે શ્રીજીની શોભાયાત્રા નિકળશે. ત્યારે શોભાયાત્રામાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને વિઘ્નહર્તાનો પર્વ નિર્વિઘ્ને પાર પડે તે માટે પોલીસ તંત્ર પણ સજ્જ બન્યું છે. ભરૂચ જિલ્લા એસપી ડો. લીના પાટીલે ગણેશ વિસર્જનની શોભાયાત્રાને લઈને ખાસ બંદોબસ્ત ખડકી દેવાયો છે.

એસપી ડો. લીના પાટીલે પોલીસ બંદોબસ્તની માહિતી આપતા જણાવ્યું હતું કે, વિસર્જનમાં 2 એસ.આર.પી. કંપની, ડ્રોન, બોડી વોર્ન કેમેરા, 30 સ્થળોએ વીડિયો ગ્રાફી સાથે બંદોબસ્ત કાયદો-વ્યવસ્થા જાળવવા ખડેપગે રહેશે. ભરૂચમાં 4 એ.એસ.પી., ડીવાયએસપી, 27 પી.આઈ., 38 પોસઈ, 978 પોલીસ જવાનો, 1128 હોમગાર્ડ, 750 જીઆરડી અને બે એસ.આર.પી. નો બંદોબસ્ત ફાળવાયો છે. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અને એન.જી.ટી. ના આદેશનું ચુસ્ત પાલન કરાવવામાં આવશે. ભરૂચ અને અંકલેશ્વરમાં નર્મદા નદી કિનારે વિસર્જન ન કરાઈ તે માટે પણ પોલીસ તહેનાત રહેશે. વિવિધ મંડળોની વિસર્જન યાત્રા સુપેરે પાર પડે, કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભરૂચ જિલ્લા પોલીસ કટિબદ્ધ બની છે.



ભરૂચ શહેરમાં ગણેશ વિસર્જનના રૂટ પર પોલીસે ફ્લેગ માર્ચ કરી હતી.

**DATE: 10/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# નર્મદા નદી કિનારે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો




અંકલેશ્વર: આ વર્ષે નર્મદા નદીમાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારે ગોલ્ડનબ્રિજના બંને છેડા પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

નર્મદા નદીમાં થતું પ્રદૂષણ અટકાવવા તેમજ વિસર્જન સમયે ડૂબી જવાના બનાવો ન બને એ માટે તંત્ર દ્વાર આ વર્ષે નર્મદા નદીમાં પ્રતિમાના વિસર્જન માટે પ્રતિબંધ ફરમાવ્યો હતો. ગોલ્ડન બ્રીજ ખાતે પોલીસ દ્વારા બેરીકેટ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અંકલેશ્વરમાં તંત્ર દ્વારા RMPS સ્કૂલની સામે કૃત્રિમ કુંડનું નિર્માણ કરાયું હતું, જેમાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરાયું હતું.

### વાલિયા તાલુકાના એક ગામડામાં બનેલો કિસ્સો

# ડાકણ છે કહી પાડોશીએ હુમલો કરતા મહિલા જીવ બચાવી ભાગી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આદિવાસી વિસ્તારોમાં હજી અંધશ્રધ્ધાના કેટલાય કિસ્સાઓ સામે આવતાં હોય છે. ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના એક ગામમાં તું ડાકણ છે તેમ કહી પાડોશીઓ મહિલા પર હુમલો કરવા ગયાં હતાં પણ મહિલા જીવ બચાવી ભાગી હતી અને યેનકેન પ્રકારે અભયમની ટીમનો સંપર્ક કરતાં ટીમે દોડી આવી મહિલાને બચાવી લીધી હતી.

વાલીયા તાલુકાના એક ગામમાં રહેતી મહિલાના પડોશમાં રહેતી કૌટુંબિક બેન કેટલાય સમયથી બીમાર રહે છે. જેથી બિમાર મહિલાના પતિએ પીડિતા મહિલાને તું ડાકણ છે કહી તારા કારણે મારી પત્ની બિમાર રહે છે. એમ કહી પીડિતા પર હુમલો કરવા જતાં પીડિતા ઘટના સ્થળેથી જીવ બચાવી ભાગી હતી અને રેસ્ક્યુ માટે 181નો સંપર્ક કર્યો હતો. મહિલા કુવામાંથી પાણી ભરવા ગયા હતા. આ સમયે બિમાર મહિલાના પતિએ હથિયાર લઈને અપશબ્દો બોલી પીડિતા બેનને તું ડાકણ છે અને તે જ મારી પત્નીને બિમાર કરી છે તેમ કહી હુમલો કર્યો હતો. મહીલા સ્થળ પરથી જીવ બચાવી ભાગી છુટી હતી અને મદદ માટે મહિલા હેલ્પલાઈન 181 ઉપર મદદ માટે કોલ કર્યો હતો. કોલ મળતા જ 181 રેસ્ક્યુ ટીમે સ્થળ પર પહોંચી કાઉન્સિલરે મહિલાને સલામત રીતે બહાર લાવીને સામેવાળા ભાઈને બોલાવી સમજાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આવી રીતે કોઈ મહિલાને તેઓ ડાકણ છે તેમ કહી ના શકાય. તમારા પત્નીને સારા દવાખાને લઈ જઈને દવા કરાવો. ડાકણ કે એવી કોઈ અંધશ્રદ્ધામાં વિશ્વાસ ન કરવો જોઈએ. જેથી તે ભાઈને તેમની ભૂલ સમજાતા તેમણે પીડિતા બેનની માફી માંગતાં 181ની ટીમે બંને પડોશીઓ સુખદ મિલાપ કરાવ્યો છે.

### જીઆઈડીસી વિસ્તારમાં ચોરીની ઘટના બની હતી

# અંકલેશ્વરમાંથી બાઈક ચોરનાર MPથી ઝડપાયો

### આરોપી અલીરાજપુરમાં હોવાની બાતમી હતી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ એમ.પી થી વાહન ચોર ને ઝડપી પાડ્યો હતો. અગાવ પણ બાઈક ચોરી માં ઝડપાયો હતો.બાઈક ચોર ના અન્ય ગુનાઓ વોન્ટેડ હતો. જીઆઈડીસી પોલીસે ધરપકડ કરી વધુ પૂછપરછ આરંભી હતી.

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં થયેલા બાઈક ચોરી ના વણઉકેલ્યા ગુના નો ભેદ ઉકેલવા માટે તપાસ ચાલી રહી હતી તે દરમિયાન અગાવ બાઈક ચોરી ગુના માં સંડોવાયેલા મૂળ એમપી અલીરાજપુર ના રાકેશ રેમાલ ચૌહાણ અંગે ચોક્કસ માહિતી મળી હતી જે માહિતી અંધારે જીઆઈડીસી પોલીસ એ ભૂતકાળ માં થયેલ બાઈક ચોરી નો વોન્ટેડ આરોપી એવા રાકેશ ચૌહાણ ને ઝડપી પાડ્યો હતો. અને રિમાન્ડની તજવીજ આરંભી હતી. પ્રાથમિક એક બાઈક ચોરી ના ગુના માં પોલીસે ધરપકડ કરી ચોરી ની બાઈક અંગે પૂછપરછ આરંભી હતી.

**DATE: 10/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### લઠ્ઠાકાંડ બાદ દેશી દારૂનું વેચાણ કરનારા પોલીસની રડારમાં આવ્યાં

# અંકલેશ્વરમાં બૂટલેગરો સામે તવાઈ, બે જગ્યાએ છાપેમારી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



પોલીસે ઝડપી પાડેલા બુટલેગરોની પુછપરછ કરવામાં આવી હતી.

અંકલેશ્વર શહેર પોલીસે ગજાનંદ સોસાયટીમાં રહેતા બુટલેગર ગણેશ ઉર્ફે ગણી રાજુ વસાવા ને ત્યાંથી ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. તો એલસીબી પોલીસે એ તાડ ફળિયામાં રહેતા મંજુ વસાવાને ત્યાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસે કુખ્યાત બુટલેગર વિજય દલપત વસાવા ને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે બંને સ્થળે 34 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વરના હસતી તળાવ વિસ્તારમાં આવેલ ગજાનંદ સોસાયટીમાં રહેતા બુટલેગર ગણેશ વસાવા પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે જેવી બાતમીના આધારે શહેર પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 220 નંગ બોટલ મળી આવી હતી પોલીસે ૨૫ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બુટલેગર ગણેશ વસાવા તેમજ નવા દીવા ગામના બુટલેગર ગુમાન વસાવાને ઝડપી પાડ્યો હતો જ્યારે આવી જ રીતે ભરૂચ એલસીબીએ તાડ ફળિયામાં રહેતા કુખ્યાત બુટલેગર વિજય વસાવા વિદેશી દારૂનો જથ્થો લાવી મંજુબેન ગુમાન વસાવાને આપી વેપલો ચલાવે છે તેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 59 નંગ બોટલ મળી કુલ 9 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મહિલા બુટલેગર મંજુ વસાવાને ઝડપી પાડી હતી જ્યારે કુખ્યાત બુટલેગર વિજય વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 10/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીની ટીમે દરોડો પાડી 19 બોટલ જપ્ત કરી

# મક્તમપુરના નર્મદા બંગ્લોઝ પાસેથી બે બૂટલેગર ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના મક્તમપુર ખાતે નર્મદા બંગ્લોઝ ખાતે વિદેશીદારૂની હેરાફેરી કરી રહેલાં બે બુટલેગરોને એલસીબીની ટીમે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ દારૂ સહિત કુલ 20 હજારનો મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ હાથ ધરતાં વધુ એક ખેપિયાનું નામ ખુલતાં એલસીબીએ ત્રણેય વિરૂદ્ધ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, મક્તમપુર ગામના નર્મદા બંગ્લોઝમાં રહેતો આકાશ પરમાર અને તેના મળતિયાઓ વિદેશીદારૂ લાવી સગેવગે કરી રહ્યાં છે. જેના પગલે તેમણે તુરંત ટીમ સાથે સ્થળ પર દરોડો પાડતાં બે શખ્સો પ્લાસ્ટિકના થેલા લઈને ત્યાં ઉભા હોઈ ટીમે તેમની પુછપરછ કરતાં તે પૈકીના એકનું નામ આકાશ કિશોર પરમાર (રહે. નર્મદા બંગ્લોઝ, મક્તમપુર) તેમજ બીજાનું નામ કરણ કાંતી રબારી (રહે. શિવમ રેસિડન્સી, ઝાડેશ્વર) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તેમની પાસેની પ્લાસ્ટીકની થેલીઓ ચકાસતાં તેમાંથી વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ 19 બોટલો મળી આવી હતી. ટીમે તેમની પાસેથી દારૂ તેમજ બે મોબાઈલ મળી કુલ 20 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં બિલીમોરાનો સુંદર નામનો ખેપિયો ઝાડેશ્વર ચોકડી પર આવી તેમેને દારૂનો જથ્થો આપી ગયો હતો. જેમાંથી તેઓ વધેલો માલ સગવગે કરવાની ફિરાકમાં હોવાની કબુલાત કરી હતી.

**DATE: 11/09/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# આમોદના મછાસરા ગામે જુગાર રમતા પાંચ ઝડપાયા

ભરૂચ: આમોદ તાલુકાના મછાસરા ગામે જુગાર રમતા પાંચ જુગારીને પોલીસે ઝડપી પાડ્યા હતા.

આમોદ તાલુકાના મછાસરા ગામે મોટા પાયે જુગાર રમાતો હોવાની ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી. જેથી પોલીસે મછાસરા ગામના ખેતરમાં ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ નીચે જાહેરમાં પત્તાં-પાનાં વડે હારજીતનો જુગાર રમતા અહમદ યુસુફ વૈદ્ય (રહે.,કોલવણા), ઈબ્રાહીમ અહમદ સુરેતી, ઈસ્માઈલ વલી પટેલ, ગુલામ યાકુબ પટેલ (ત્રણેય રહે.,મછાસરા), શબ્બીર દુલભા મલેક (રહે.,પુરસા)ને ઝડપી પાડી અંગજડતીના રોકડા ૪૮,૮૦૦, દાવ ઉપરના રોકડા ૯,૩૦૦ તથા એક એક્ટિવા કિંમત ૩૦,૦૦૦, મોબાઈલ નંગ-બે રૂ.૨,૦૦૦ મળી કુલ ૯૦,૧૦૦ની મત્તાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે એક ઈસમ ઈકબાલ વાળી પટેલ (રહે., કોલવણા) ભાગી છૂટ્યો હતો. પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી ધરી છે.

**DATE: 11/09/2022 CATEGORY: GREEN**

# ઝઘડિયામાં પરિવાર સાથે સૂતેલી 7 વર્ષની બાળકીને ઉઠાવી જનારો યુવક ઝડપાયો

**વરસાદ** પડતાં જાગી ગયેલા પરિવારને ખબર પડી કે પુત્રી ગાયબ હતી

ઝઘડિયા: મૂળ બહારથી આવીને રોજગાર માટે હાલ ભરૂચના ઝઘડિયામાં રહેતો એક પરિવાર તાલુકાના એક સ્થળે પડાવ નાંખીને રહે છે અને અન્ય કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આ પરિવારમાં એક સાત વર્ષીય બાળકી પણ રહે છે.

ગત તા.૮મીના રોજ પરિવારના સભ્યો રાત્રે અગિયારેક વાગ્યાના સમયે ઝૂપડાની સામે ખાટલા નાંખીને સૂઈ ગયા હતા. આ લોકો રાતના ત્રણેક વાગ્યે વરસાદનું ઝાપટું આવતાં ઊંઘમાંથી ઊઠ્યા ત્યારે સાત વર્ષની બાળકી તેની પથારીમાં ન હતી. આથી બાળકીનાં માતા-પિતા અને પરિવારના સભ્યો તેને આજુબાજુમાં શોધવા નીકળ્યાં હતાં. લગભગ સાડા ચારેક વાગ્યાના સમયે અંધારામાં એક અજાણ્યો છોકરો આ બાળકીને લઈને ઊભેલો જણાયો હતો.

બાળકીના પિતાએ દોડીને તેને પકડી લીધો હતો. આ છોકરાને પૂછતાં તેણે તેનું નામ વિશેષ ઉર્ફે છોટુ જિતેન્દ્ર ચૌહાણ (હાલ રહે.,માંડવા, તા.અંકલેશ્વર અને મૂળ ઉત્તરપ્રદેશ)ના હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ બાળકીને પૂછતાં તેણીએ જણાવ્યું હતું કે, આ છોકરો તેને ઊંચકીને રોડની બાજુમાં લઈ ગયો હતો અને હાથથી તેને મારતો હતો.

આ અંગે નજીકના પોલીસ સ્ટેશને જાણ કરાતાં આ છોકરાને પોલીસના સ્ટાફ પોલીસ સ્ટેશને લઈ ગયો હતો. આ છોકરો આ બાળકીને કોઈ ગુનાહિત ઈરાદે ઉપાડી ગયો હોવાની શંકા સાથે છોકરીને ઘસડીને તેમજ મારીને ઈજા પહોંચાડતાં બાળકીના પિતાએ તેના વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ લખાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.